આજે આપનું અખબાર ૩૬માં વર્ષમાં મંગલ પ્રવેશ કરે છે....

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧ | ૧૨ માર્ચ, ૨૦૨૧, શુક્રવાર; મહા વદ - ૧૪ | પાનાં - ૧૨ કિંમત રૂ. ૨.૦૦

## કોરોના વધતા નાગપુરમાં લોકડાઉન જાહેર

**નાગપુરમાં ૧૫ માર્ચથી ૨૧ માર્ચ સુધી સંપૂર્ણ લોકડાઉન લાગુ કરાશે : સાત દિવસ ફક્ત જીવજરિયાતની વસ્તુઓની દુકાનો ખૂલી રહેશે, અન્યત્ર સદંતર લોકડાઉન રહેશે : છેલ્લા ૨૪ કલાકમાં મહારાષ્ટ્રમાં ૧૩,૬૫૯ નવા કેસ નોંધાયા**

નાગપુર,તા.૧૧

મહારાષ્ટ્રમાં કોરોનાના કેસોમાં સતત થઈ રહેલા વધારા વચ્ચે નાગપુર સિટીમાં ૧૫ માર્ચથી ૨૧ માર્ચ સુધી સંપૂર્ણ લોકડાઉન જાહેર કરવામાં આવ્યું છે. મહારાષ્ટ્ર સરકારના મંત્રી નીતિન રાઉતના જણાવ્યા અનુસાર, સાત દિવસના લોકડાઉનમાં જીવનજરુરી સેવાઓ ચાલુ રહેશે.

સરકાર દ્વારા કરવામાં આવેલી જાહેરાત અનુસાર, સાત દિવસના લોકડાઉનમાં શાકભાજી, ફ્રુટ, દૂધ તેમજ દવાની દુકાનો ખૂલ્લી રહેશે. સીએમ ઉદ્ધવ ઠાકરેએ એ વાતના સંકેત

● અનુસંધાન પાન-૧૧ પર







## વાત અમારી.....

આજે આપનું અખબાર 'ગાંધીનગર સમાચાર' પાંત્રીસ વર્ષનું થયું. ગાંધીનગરની સાથોસાથ ઉત્તર ગુજરાતના શહેરી-ગ્રામીણ વિસ્તારોમાં લોકભોગ્ય અખબાર બનવાનું સદ્ભાગ્ય ગાંધીનગર સમાચારના લલાટે લખાઈ રહ્યું છે એની પ્રસન્નતા વ્યક્ત કરું છું.

નીતિ અને મૂલ્યોના ભોગે પર સર્વોપરિતા સાબિત કરવાની હોડના આ સમયમાં આ અખબાર આજે સર્જનાત્મક અભિગમના મજબૂત પાયા પર અડીખમ છે. સમાજની ખબર લેવાની સાથોસાથ આ અખબારે સમાજની ખપનું પણ ધ્યાન રાખ્યું છે. ખંડનાત્મક પ્રવૃત્તિઓને ખસેડીને આ અખબારે રચનાત્મક બાબતોમાં વિશેષ રૂચિ રાખી છે. સામાજિક-માનસિક હિંસાના હેવાલોને ઓછું મહત્ત્વ આપીને આ અખબારે સામાજિક ચેતના પ્રગટાવવાની વિશેષ ચિંતા કરી છે. ચટપટા અને અટપટા અહેવાલોને બદલે સભ્યતા અને સંસ્કારોનું સિંચન થાય એવા સમાચારોને સઃવિશેષ પ્રાધાન્ય આપ્યું છે. સર્જનાત્મક અભિગમએ આ અખબારનો મુદ્રાલેખ છે.

સમાચાર માધ્યમોના બદલાતા માધ્યમો અને સ્વરુપો વિચિત્ર વળાંકે ઉભા છે ત્યારે, સમાચારની પસંદગીથી લઈ અભિવ્યક્તિ પડકારજનક બનતી જાય છે. સતત પરિવર્તિત થતા પરિમાણોમાં ખૂબ ગુમાવવું પડે છે, ઘણુંબધું સહન કરવું પડે છે. આમ છતાં ધ્યેય સિદ્ધિની પ્રાપ્તિની હોંશ આજે પણ અકબંધ છે એનો સંતોષ છે. સકારાત્મક અભિગમ આજે પણ અડિખમ છે. વિશ્વના વિરાટ મીડિયા જગતમાં ગાંધીનગર સમાચાર તો અતિસૂક્ષ્મ બિંદુ છે. અમારા કદ અને મહત્તા અંગે સતત સભાનતાની સાથે અસ્તિત્વ અને હેતુહાર્દ જાળવી શક્યાનો રાજીપો વ્યક્ત કરું છું. રામચરિત માનસની પ્રસિદ્ધ સેતુનિર્માણની કથા ખિસકોલીબાઈના અભિગમને આધારસ્તંભ બનાવી 'ગાંધીનગર સમાચાર' મથામણ કરે છે. અમનેય ખબર છે કે નાનકડું 'ગાંધીનગર સમાચાર' આ વિરાટ પડકારોને ઝીલવા સમર્થ નથી. પરંતુ ઈતિહાસના કોઈક ખૂણામાં નિષ્ક્રિય રહેનારાઓની યાદીમાં અમારું નામ ન આવે એના માટેની આ પુરુષાર્થયાત્રા કરી છે અને કરતા રહીશું.

'ગાંધીનગર સમાચાર'ના મંગલાચરણે જે ઉમળકો અને વિશ્વાસ પ્રગટ્યા હતા તેજ ઉમળકો અને વિશ્વાસ આજે પણ અકબંધ અને અડીખમ છે. તેના માટે પરમતત્ત્વની ચરણવંદના કરું છું. આ સમગ્ર સમાચારયાત્રા દરમિયાન 'ગાંધીનગર સમાચાર'ની નીતિ અને મૂલ્યો જાળવણી માટે પડછાયાની જેમ મારી સાથે રહેતી ટીમ 'ગાંધીનગર સમાચાર'ની પીઠ થાબડું છું. સતત પ્રોત્સાહક ભાવ સાથે હૂંફ અને પ્રેમની લાગણી આપનારા સૌ જિલ્લા તાલુકાના પત્રકારો, કટાર લેખકો, વિજ્ઞાપનદાતાઓ, સરકારી તંત્રના અધિકારીઓ-પદાધિકારીઓ તથા વિશાળ વાચક પરિવારનો અંતરના ઉમળકાથી આભાર માનું છું.

**કૃષ્ણકાન્ત જહા, મેનેજીંગ તંત્રી**

